**પરચુરણ દીવાની અરજી નં. ૪/૨૦૨૬**

**-: આંક-૧ લગત હુકમ :-**

(૧) સાંભળ્યા, અરજી વંચાણે લીધી, અરજદાર તર્ફે હાલની અરજી આપી આ કામે ભાવનગરના ત્રીજા એડી.સિવિલ જજ સાહેબની કોર્ટમાં ભાવનગર કેમ્પ એટ મુહવા શ્રી એચ.વી.જોષી સાહેબે તારીખ ૦૩/૧૨/૨૦૧૬ ના રોજ જજમેન્ટ આપી વધુ વળતરની રકમ વ્યાજ, ખર્ચ સહિત ચુકવવા હુકમ કરેલ છે. સદર ચુકાદા સામે અરજદાર તથા સામાવાળાએ કોઈ અપીલ કરેલ નથી. સદર ચુકાદો સરકારશ્રી એ સ્વિકારેલ છે. સદર કામે સામાવાળાઓ એ નામદાર કોર્ટના હુકમનામા પ્રમાણે વળતરની રકમ રૂા.૧,૦૦૦૬૮.૨૪/-જમા કરાવેલ છે. વળતરની જમા કરાવેલ રકમ અરજદારને ન ચુકવવા અંગેનો કોઈ કોર્ટનો સ્ટે ઓર્ડર નથી. અરજદાર સરદર વળતરની રકમ મેળવવા હક્કદાર છે અરજદારના નામનો એકાઉન્ટ પે ચેક આપી વળતરની રકમ ચુકવવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજી ધ્યાને રાખી સામાવાળા નંબર ૧ તથા ૨ નાઓને નોટીસ કરતા સામાવાળાઓ હાજર થઈ આંક- ૦૫ તથા આંક- ૦૬ થી રીપોર્ટ રજુ રાખેલ છે અને જણાવેલ છે કે લે.રે.કેસ નં.૨૦૪/૨૦૦૬ ગામ. ખરેડ, તા.મહુવા, જિ.ભાવનગરના અરજદારે અત્રેના વિભાગ તરફથી જમા કરાવવામાં આવેલ રકમ ઉપાડવા માટેની અરજી કરેલ છે તે અન્વયે જણાવવાનું કે, કાર્યપાલક ઈજનેર ક્ષાર અં.વિભાગ, ભાવનગર દ્વારા નામદાર કોર્ટમાં લે.રે.કેસ નં.૨૦૩ થી ૨૦૫/૨૦૦૬. ૨૦૭, ૨૦૯ થી ૨૧૧, ૨૧૩, ૨૨૬/૨૦૦૬ વિગેરેની કુલ રકમ રૂા.૪૭,૫૭,૩૦૬/-આપની કોર્ટમાં જમા કરાવેલ છે જે પૈકી લે.રે.કેસ નં.૨૦૪/૨૦૦૬ ના કેસ સામે અત્રેની કચેરી દ્વારા ઉપલી અદાલતમાં કોઈ અપીલ દાખલ કરાયેલ નથી આથી અરજદારને રકમ ચુકવી દેવામાં આવે તો અત્રેની કચેરીને કોઈ હરકત સરખુ ન હોવાનું જણાવેલ છે.

(૩) આમ, ઉપરોકત મુજબની હકિકત ધ્યાને લેતા સામાવાળા દ્વારા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, મહુવા ખાતે અરજદારની વળતરની રકમ જમા કરાવેલ છે અને સામાવાળાની કચેરી દ્વારા નામદાર કોર્ટના હુકમ સામે ઉપલી અદાલતમાં કોઈ અપીલ કરાયેલ ન હોવાનું તથા અરજદારને તેઓને વળતરની રકમ ચુકવી આપવામાં આવે તો હરકત સરખુ નહિ હોવાનું જણાવેલ છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:હુકમ:-

૧. અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. રજીસ્ટ્રારશ્રી, સીવીલ કોર્ટ મહુવાને આથી હુકમ કરવામાં આવે છે કે અરજદાર બાંભણીયા સામંતભાઈ ઉર્ફે સોમાતભાઈ ઉકાભાઈ ને સામાવાળાએ જમા કરાવેલ રકમ રુપિયા ૧,૦૦૦૬૮.૨૪/- (અંકે રુપિયા એક લાખ અડસઠ રુપિયા અને ચોવીસ પૈસા પુરા) ની રકમ જો તેની એફ.ડી. કરવામાં આવેલ હોય તો તે વટાવી તેની વ્યાજ સહિતની રકમ અરજદારના યોગ્ય ઓળખના આધાર પુરાવા મળેવી નાઝરશ્રી પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, મહુવા નાઓએ સદર રકમ અરજદારને એકાઉન્ટ પૈઈ ચેકથી ચુકવી આપવી.

હુકમ આજ રોજ તા.૦૨.૦૪.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૪/૨૦૨૬
મહુવા

(હિતેશકુમાર બુધાભાઈ શર્મા)
(જજ કોડ નં.જી.જે.૦૧૧૪૭)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ,
મહુવા જી.ભાવનગર

એચ.એ.છેલાણા